## વ્યારામાં સિલાઈ મશીન લેવાના ચક્કરમાં વેપારીએ રૂ.1.14 લાખ ગુમાવ્યા

**વ્યારાના** વેપારી હેતીન રાઠોડે કલ્પેશ નામના શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

વ્યારાઃ વ્યારામાં એક વેપારી સાથે સિલાઈ મશીન આપવાના બહાને ભેજાબાજે 1.14 લાખ પડાવી લેવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મળતી માહિતી મુજબ હેતીન જયંતભાઈ રાઠોડ (ઉં.વ.32) (ધંધો-વેપાર) (રહે.,કોર્ટ વિસ્તાર, વ્યારા) વ્યારામાં જે.બી.હાઈસ્કૂલ શોપિંગ સેન્ટરમાં ધ ક્લોથિંગ હાઉસ નામની દુકાન ચલાવે છે. ગત તા.13-3-2026ના રોજ વેપારી હેતીન રાઠોડના મોબાઈલ ફોન ઉપર મો.નં.8128429541 પરથી કલ્પેશ નામના વ્યક્તિએ ફોન કરી ભારત સરકારના પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના અંતર્ગતના સિલાઈ મશીનના 23 જેટલા સેટ વેચવાનું કહી એક સેટ રૂ.9,500 પડશે તેમ જણાવી વોટ્સએપ પર સિલાઈ મશીનના ફોટા મોકલી આપી વેપારી વિશ્વાસમાં લઈ લેતાં વેપારીએ સિલાઈ મશીન લેવા માટે કલ્પેશ નામના શખ્સે આપેલા બેંક એકાઉન્ટમાં રૂ.1,14,000 જમા કરાવી દીધા હતા. બાદ અડધો કલાક બાદ વેપારીએ કલ્પેશને ફોન કરતાં ફોન ઊંચક્યો ન હતો અને ફરી ફોન કર્યા બાદ ફોન ન લાગતાં પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું વેપારીને ભાન થતાં વેપારી હેતીન રાઠોડે સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નં.1930 પર ફોન કરી છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ વેપારીએ ગત તા.19-3-2026ના રોજ વ્યારા પોલીસ મથકે ફરિયાદ આપતાં કલ્પેશ નામના ભેજાબાજ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## પીપોદરામાં કારખાનાને આગચંપી રૂ.15 લાખની સાડીઓ ભસ્મીભૂત

**સીસીટીવીમાં** પૂર્વ કારીગર દીવાલ કૂદી દીવાસળી ચાંપતો કેદ, અડધા કલાકની જહેમતે આગ કાબૂમાં આવી



ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ માંગરોળના પીપોદરા ગામે આવેલા એક ટેક્સટાઈલ્સ એકમમાં મોડી રાત્રે આગ લાગવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. શરૂઆતમાં આ ઘટના શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું અનુમાન હતું, પરંતુ સીસીટીવી ફૂટેજ તપાસતાં સત્ય બહાર આવ્યું હતું. આ આગ કોઈ અકસ્માત નહીં, પરંતુ કંપનીના જ એક પૂર્વ કારીગરે અંગત અદાવત અને રાગદ્વેષમાં લગાડી હોવાનું સાબિત થયું છે. જેમાં ટેક્સટાઈલ્સ એકમમાં રહેલો લાખો રૂપિયાનો માલ બળીને ખાખ થઈ ગયો છે.

મળતી વિગત મુજબ માંગરોળ તાલુકાના પીપોદરામાં વિઠ્ઠલભાઈ ધનજીભાઈ કપુરીયા (રહે.,૫૪, મકનજી પાર્ક સોસાયટી, કતારગામ, સુરત, મૂળ રહે., નાગપુર, કાલાવડ, જામનગર) શ્રીમાધવ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં શ્રી કાર્તિક ટેક્સટાઈલ નામનું ખાતું ચલાવે છે. તા.19 માર્ચ 2026ના રોજ મોડી રાત્રે આશરે એક વાગ્યે તેમના સુપરવાઈઝર પ્રમોદભાઈએ ફોન કરી જાણ કરી હતી કે, ગોડાઉનમાં ભીષણ આગ લાગી છે. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની બે ગાડી સ્થળ પર પહોંચી હતી અને અડધા કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. જો કે, ત્યાં સુધીમાં ગોડાઉનમાં રહેલી તૈયાર સાડીઓનો આશરે રૂપિયા 15 લાખનો સ્ટોક બળીને રાખ થઈ ગયો હતો.

આગ બારી પાસેથી શરૂ થઈ હોવાનું જણાતાં માલિકને શંકા ગઈ હતી.

આથી ઓફિસમાં બેસી સીસીટીવી કેમેરા ચેક કરતાં માલૂમ પડ્યું કે, કંપનીમાં અગાઉ કામ કરતો જમીલ મોસદ્દી અંસારી (રહે., મોટા બોરસરા) નામનો શખ્સ દીવાલ કૂદીને અંદર પ્રવેશ્યો હતો. તેણે ગોડાઉનની બારીનો કાચ તોડી માચીસની સળગતી દીવાસળી અંદર ફેંકી આગ લગાડી હતી અને ત્યારબાદ તે ત્યાંથી નાસી છૂટ્યો હતો. અગાઉ કોઈ બાબતે થયેલા મનદુઃખને કારણે આરોપીએ આ કૃત્ય આચર્યું હોવાનું મનાય છે. કોસંબા પોલીસે આ અંગે વિઠ્ઠલભાઈની ફરિયાદના આધારે આરોપી જમીલ અંસારી વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર પરાક્રમસિંહ કછવાહા કરી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પલસાણામાં શ્રેષ્ઠ શિક્ષક સન્માન કાર્યક્રમ યોજાયો



ઈલ્યાસ શેખ

પલસાણાઃ તાજેતરમાં પલસાણા પ્રાથમિક શાળા ખાતે 'શ્રીમતી કમુબેન રામચંદ્ર નાયક સન્માન નિધિ વકતાણા'ના સૌજન્યથી અને પલસાણા તાલુકા શિક્ષણ સમિતિ દ્વારા આયોજિત 'શ્રેષ્ઠ શિક્ષક સન્માન કાર્યક્રમ' ભવ્ય રીતે સંપન્ન થયો હતો. આ સમગ્ર કાર્યક્રમ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વિરલભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે મહેમાન તરીકે સ્વામી વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ અને કાર્યક્રમના કન્વીનર દીપકભાઈ દેસાઈ, પલસાણા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ આશિષભાઈ પટેલ તથા ગામના વરિષ્ઠ અગ્રણી દિનુભાઈ દેસાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષે પલસાણા તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે ચલથાણ પ્રાથમિક શાળાના નિકુંજભાઈ જયંતીભાઈ ટંડેલ અને કડોદરા પ્રાથમિક શાળાનાં શિક્ષિકા મનીષાબેન ધનજીભાઈ કુશકિયાની પસંદગી કરવામાં આવી હતી. ઉપસ્થિત દાતા રામચંદ્રભાઈ વકતાણા તથા અન્ય મહાનુભાવોના હસ્તે આ બંને શ્રેષ્ઠ શિક્ષકોને પ્રમાણપત્ર, ટ્રોફી, રોકડ પુરસ્કાર, શાલ અને સાડી અર્પણ કરી ગૌરવપૂર્વક સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રિયંકાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતમાં આચાર્યા ક્રિષ્નાબેન દ્વારા આભારવિધિ વ્યક્ત કરવામાં આવી હતી અને રાષ્ટ્રગાન બાદ અલ્પાહાર લઈ કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

### ભાટકોલના 7 વર્ષના હસનેન મલેકે આખા માસના રોજા રાખ્યા



હથોડાઃ ભાટકોલ ગામના સાત વર્ષના હસનેન સાજીદ મલેકે પૂરા રમજાન માસના રોજા રાખી પરિવાર સાથે રહી પવિત્ર રમજાન માસમાં અલ્લાહની બંદગી કરતાં પરિવારે ખુશી વ્યક્ત કરી હતી.

### સોનગઢમાં ૯ વર્ષીય બાળકીએ 30 રોઝા પૂર્ણ કર્યા



સોનગઢઃ રમઝાન માસ દરમિયાન સોનગઢના ઇસ્લામપુરાના અસલમ સમશેર ખાન પઠાણની ૯ વર્ષની માસૂમ પુત્રી હુમેરા પઠાણે નાની ઉંમરે કાળઝાળ ગરમીની પરવા કર્યા વગર રમઝાન માસના પૂરા 30 રોઝા રાખી અલ્લાહની ઇબાદત કરી હતી. હુમેરાની આ ભક્તિ અને હિંમત જોઈને પરિવારજનોમાં ખુશીનો પાર રહ્યો ન હતો. રોઝાની પૂર્ણાહુતિ બાદ હુમેરાને ફૂલહાર પહેરાવી તેનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

### ડોડવા ગામે પ્રાથમિક શાળાની બાજુમાં વર્ષો જૂનું તાડનું વૃક્ષ જોખમી



કુકરમુંડાઃ કુકરમુંડા તાલુકામાં આવેલી ફૂલવાડી ગ્રુપ ગ્રામ પંચાયત હેઠળના મૌજે ડોડવા ગામમાં પ્રાથમિક શાળાની બાજુમાં ઊભેલું વર્ષો જૂનું અને ઊંચું તાડનું વૃક્ષ હાલ જોખમી બની ગયું છે. આ વૃક્ષ ગમે તે સમયે ધરાશાયી થઈ શકે તેવી સ્થિતિમાં હોવાનું ગામજનો દ્વારા જણાવવામાં આવી રહ્યું છે. આ મુદ્દે ગત શુક્રવારે ગામના જાગૃત નાગરિક દિલીપભાઈ વળવી દ્વારા કુકરમુંડા મામલતદાર કચેરી ખાતે લેખિતમાં રજૂઆત પણ કરવામાં આવી છે. તેમ છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી ન થતાં લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

### વહેવલ ગામની સીમમાં ટેમ્પો પલટ્યો

અનાવલઃ મહુવા-અનાવલ સ્ટેટ હાઇવે પર વહેવલ ગામની આઇસર ટેમ્પો રોડની સાઈડમાં ઊતરી જતાં પલટી ખાઈ ગયો હતો. મહુવા-અનાવલ સ્ટેટ હાઇવે પર વહેવલની સીમમાં અનાવલ તરફથી આવી રહેલા આઇસર ટેમ્પોના ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવી દેતાં રોડની સાઈડમાં ટેમ્પો ઊતરી જતાં ટેમ્પો પલટી ગયો હતો. જો કે, સદનસીબે અંદર સવારને સામાન્ય ઇજા થતાં મોટી દુર્ઘટના ટળી હતી. અકસ્માત બાદ સ્થાનિકો મદદે પહોંચી ઈજાગ્રસ્તોને સહી સલામત રીતે બહાર કાઢ્યા હતા. જ્યારે અકસ્માતમાં તમામનો આબાદ બચાવ થયો હતો.



મેહુલ પટેલ

### પલસાણાના જોળવા ગામે પેટામાં દુખાવો ઉપડ્યા બાદ સગર્ભાનું મોત

પલસાણાઃ પલસાણાના જોળવા ગામે આરાધના ડ્રીમ વિભાગ-૩, ઘર નંબર-૭૨ માં રહેતા અખતરઅલી મુમતાજઅલી શેખની પત્ની અફરોજ (ઉં.વ. ૩૦) ને ૧૯ માર્ચ ૨૦૨૬ના રોજ સવારે અચાનક ઊલટીઓ થવા લાગી હતી. અફરોજ ચાર માસનો ગર્ભ ધરાવતી હતી અને તેને પેટમાં અચાનક અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. પરિવારજનો તાત્કાલિક તેને પ્રાથમિક સારવાર માટે ચલથાણની સંજીવની હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ મહિલાની હાલત વધુ ગંભીર જણાતા તેને વધુ સારવાર માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જોકે, સિવિલ હોસ્પિટલના ફરજ પરના તબીબોએ તપાસ બાદ મહિલાને મૃત જાહેર કરી હતી. આ ઘટનાની જાણ થતાં જ પલસાણા પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. દ્વારા બનાવની નોંધ લેવામાં આવી હતી. મૃતક મહિલા મૂળ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ જિલ્લાના મૈજા તાલુકાના લોટાડ ગામની વતની હતી અને હાલ પતિ સાથે પલસાણામાં રહી ઘરકામ કરતી હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ મહિલાના મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે.

## કીમ રેલવે સ્ટેશને મુસાફરોને એસ્કેલેટરની સુવિધા મળશે

**કઠોદરા** ગામે 135 લાખનાં વિકાસ કામોનું લોકાર્પણ કરાયું




કિરણ ઢોડિયા

કીમઃ કીમ નજીક આવેલા તાલુકાના કઠોદરા ગામે શુક્રવારે વિવિધ વિકાસ કામોનું ભવ્ય લોકાર્પણ યોજાયું હતું. ઓલપાડના ધારાસભ્ય મુકેશ પટેલ તથા સુરતના સાંસદ મુકેશભાઈ દલાલના હસ્તે અંદાજે રૂ.135 લાખના ખર્ચે તૈયાર થયેલાં વિકાસ કાર્યોને જનતા માટે સમર્પિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે કઠોદરા ગામે જર્જરિત થઈ ગયેલી જૂની શાળાને તોડી નવી આધુનિક સુવિધાસભર પ્રાથમિક શાળાનું નિર્માણ કરવામાં આવ્યું છે. ઉપરાંત, કારેલી ગામે TSP યોજના હેઠળ રૂ.16 લાખના ખર્ચે પ્રાથમિક શાળાના ઓરડા તૈયાર કરાયા છે. સાથે જ કઠોદરા, કીમ, મુળદ, કન્યાશી, કુડસદ, ઓભલા અને કાછબ ગામોમાં સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત રૂ.62.54 લાખના ખર્ચે આંગણવાડી કેન્દ્રોનાં લોકાર્પણ પણ કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમમાં તાલુકા તેમજ ગામના આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સુરતના સાંસદ મુકેશ દલાલે શુક્રવારે કીમ રેલવે સ્ટેશનની મુલાકાત કરી હતી. જ્યાં ચાલી રહેલાં વિકાસ કાર્યોની સમીક્ષા કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, પાર્લામેન્ટમાં કીમ તથા કુડસદ રેલવે સ્ટેશન સંબંધિત પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે અને કોરોનાકાળ દરમિયાન બંધ થયેલી ટ્રેનોને ફરી શરૂ કરવા માટે રજૂઆત કરવામાં આવી છે. સાથે જ કીમ રેલવે સ્ટેશન પર ચાલી રહેલા એસ્કેલેટર કામનું નિરીક્ષણ કરીને અધિકારીઓને કામ ઝડપથી પૂર્ણ કરવા સૂચનાઓ આપવામાં આવી હતી. અધિકારીઓના જણાવ્યા મુજબ આવનારા સમયમાં સ્ટેશનના બંને તરફ એસ્કેલેટર સુવિધા શરૂ કરવામાં આવશે, જે રાહદારીઓ ખાસ કરીને વૃદ્ધો અને દિવ્યાંગો માટે ખૂબ ઉપયોગી સાબિત થશે. સાથે જ અકસ્માતો અટકાવવા માટે રેલવે ટ્રેક પાસે સુરક્ષા દીવાલ બનાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે.

## ગેસની અછતઃ બારડોલીનાં છાત્રાલયોમાં ચૂલા યુગ શરૂ

**ગેસ** પુરવઠો ખોરવાતાં અનેક સંસ્થાઓ મુશ્કેલીમાં મુકાઈ



બારડોલીઃ બારડોલી પંથકમાં છેલ્લા કેટલાક સમયથી કોમર્શિયલ ગેસ સિલિન્ડરની ભારે અછત સર્જાઈ છે. આ સમસ્યાની સીધી અસર હવે શૈક્ષણિક સંસ્થાઓ, સ્કૂલ-કોલેજોની કેન્ટીન અને ખાસ કરીને વિદ્યાર્થીનીઓ માટેની હોસ્ટેલો પર જોવા મળી રહી છે. ગેસ પુરવઠો ખોરવાતાં અનેક સંસ્થાઓ મુશ્કેલીમાં મુકાઈ છે.

પરિસ્થિતિ એટલી ગંભીર બની છે કે, અંદાજે દસ જેટલી હોસ્ટેલ ચલાવતી સંસ્થાઓએ ગેસ પુરવઠો નિયમિત કરવા માટે તંત્ર સમક્ષ લેખિત રજૂઆત કરી છે. ગેસના અભાવે કેટલીક હોસ્ટેલોમાં વહેલી સવારથી જ લાકડાંના ચૂલા સળગાવીને દીકરીઓ માટે ભોજન તૈયાર કરવાની ફરજ પડી રહી છે, જેના કારણે સંચાલકો અને રસોઈયાઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ કટોકટી વચ્ચે માનવતાવાદી અભિગમ પણ જોવા મળ્યો છે.

બારડોલીના કાલિકા ચોક વિસ્તારમાં આવેલી નવચેતન કન્યા છાત્રાલયમાં ગેસ ખૂટી પડ્યો હોવાની જાણ થતા જ સ્થાનિક પૂર્વ નગરસેવિકા સરલાબેન સુરેશભાઈ રાઠોડ તુરંત મદદે આવ્યા હતા. તેમણે પોતાના સ્તરેથી તાત્કાલિક ગેસ સિલિન્ડરની વ્યવસ્થા કરી આપી છાત્રાલયની મુશ્કેલી હળવી કરી હતી. જો કે, અન્ય સંસ્થાઓ હજુ પણ ગેસના પ્રતિક્ષામાં છે. તંત્ર દ્વારા આ મામલે સત્વરે પગલાં લેવામાં આવે તેવી લોક માંગ ઊઠી છે.

## અંકલેશ્વરમાં વૃદ્ધાને ભોળવી ઘરેણાં લૂંટનાર એક મુંબઈથી ઝડપાયો

**મજૂરીકામ** માટે આવેલા સાળા-બનેવીએ વૃદ્ધાને નિશાન બનાવી હતી, સાળાની ધરપકડ

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં સાત મહિના પહેલાં વૃદ્ધાને "શેઠના ઘરે દીકરાનો જન્મ થયો છે અને દાન મળશે" તેવી લાલચ આપી આરોપીઓ સોનાના દાગીના ઊતરાવી ફરાર થઈ ગયા હતા. ભરૂચ એલ.સી.બી. ટીમને બાતમી મળી હતી કે આ કેસમાં સંડોવાયેલો આરોપી રવિ દિલીપ પવાર નવી મુંબઈના રબાળે વિસ્તારમાં છૂપાયો છે. બાતમીના આધારે પોલીસે રબાળે પોલીસ સ્ટેશન પાછળ આવેલી ઝુપડપટ્ટીમાંથી આરોપીને ઝડપી પાડ્યો હતો. રવિ પવારે પૂછપરછ દરમિયાન ગુનાની કબૂલાત કરી હતી. તેણે જણાવ્યું કે તે અને તેનો બનેવી માણિક કાલે અંકલેશ્વર મજૂરી કામ માટે આવ્યા હતા અને તકનો લાભ લઈ વૃદ્ધ મહિલાને નિશાન બનાવી ખોટા બહાના વડે સોનાના દાગીના પડાવી છેતરપિંડી કરી હતી. ઘટના બાદ બંને આરોપી દાગીના લઈને ફરાર થઈ ગયા હતા. હાલ એલસીબી પોલીસે આરોપી રવિ પવારને અંકલેશ્વર જીઆઈડીસી પોલીસના હવાલે કર્યો છે.

## માણેકપોર દૂધમંડળીની સભામાં સુમુલની ચૂંટણી પહેલાં વિવાદ

**મતદાર** યાદીમાં નામ મોકલવા બાબતે હોબાળો મચ્યો

બારડોલીઃ બારડોલીના માણેકપોર ગામે આવેલી દૂધમંડળીની વ્યવસ્થાપક સમિતિની બેઠકમાં સુમુલ ડેરીની આગામી ચૂંટણી માટે મતદાર યાદીમાં નામ મોકલવા બાબતે ભારે હોબાળો મચ્યો હતો. આ વિવાદ એટલો વકર્યો હતો કે મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. જો કે, મોડી રાત્રે બંને પક્ષો વચ્ચે સમાધાન થતા મામલો થાળે પડ્યો હતો. ગુરુવારના રોજ યોજાયેલી આ બેઠકમાં સુમુલ ડેરી માટે પ્રતિનિધિનું નામ નક્કી કરવાનો ઠરાવ રજૂ કરવામાં આવ્યો હતો. મંડળી ના પ્રમુખ વીરેન્દ્રસિંહ દોલતસિંહ ચાવડાના નામનો ઠરાવ થતા જ વાતાવરણ તંગ બન્યું હતું. સુરત ડિસ્ટ્રિક્ટ બેંકના ડિરેક્ટર અને બારડોલી તાલુકા ભાજપ મહામંત્રી જીતેન્દ્ર વાંસિયાએ પોતાના નામનો આગ્રહ રાખતા બંને પક્ષ સામસામે આવી ગયા હતા. ઉગ્ર બોલાચાલી બાદ મામલો મારામારી સુધી પહોંચ્યો હોવાનું જાણવા મળ્યું છે. ઘટના બાદ જીતેન્દ્ર વાંસિયાએ અનુસૂચિત જાતિના સભ્ય રતિલાલ પરમાર મારફતે એટ્રોસિટીની ફરિયાદ કરવા માટે પોલીસમાં અરજી આપી હતી. જો કે, રાજકીય ગરમાવો વધતા અંતે મોડી રાત્રે બંને પક્ષોએ સમાધાન કરી લીધું હતું. આ વિવાદની વચ્ચે સોશિયલ મીડિયા પર એક ઓડિયો ક્લિપ વાયરલ થતા સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ ઓડિયોમાં મંડળીના એક કમિટી સભ્યને મીટિંગમાં ગેરહાજર રહેવા માટે નાણાકીય લેવડદેવડ થઈ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ચર્ચા મુજબ, જે સભ્યની દીકરીને ડિસ્ટ્રિક્ટ બેંકમાં નોકરી અપાવવામાં આવી હતી, તેઓ જીતેન્દ્ર વાંસિયાની તરફેણમાં ન રહે તે માટે સામા પક્ષે રૂપિયા આપ્યા હોવાની વાતો વહેતી થઈ છે. આ ઓડિયો વાયરલ થતા સહકારી અને રાજકીય આલમમાં અનેક તર્કવિતર્ક સર્જાયા છે.

## સુંદરપુરમાં ગોચર જમીન બચાવવા કલેક્ટરને રજૂઆત

વ્યારાઃ ઉચ્છલના સુંદરપુર ગામના લોકોએ પોતાના ગામની ગોચરની જમીન સરવે નં.3માં મંજૂર થયેલી એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલને પંચાયતની અન્ય ઉપલબ્ધ સરકારી પડતર જમીનમાં લઈ જવા માટે તેમજ સરવે નં.3માં પડેલી નોંધ 1412 રદ કરવાની માંગ સાથે તાપી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. સુંદરપુર ગામમાં જે જમીન એકલવ્ય રેસિડેન્શિયલ મોડેલ સ્કૂલને ફાળવવામાં આવી છે તે જમીન ગામનાં લોકો માટે પશુપાલન કરવા તેમજ છેલ્લાં 30 વર્ષથી ગામના લોકો રમતગમતનું મેદાન તરીકે ઉપયોગ કરતાં આવ્યા છે અહીં જો સ્કૂલ બનાવવામાં આવશે તો રમત ગમતનું મેદાન સહિત ગોચર જમીન ગુમાવવાનો ભય સતાવી રહ્યો છે.

## કીમમાં અકસ્માતમાં એક ઘાયલ

કીમઃ કીમ વિસ્તારમાં તા.૧ માર્ચે સાંજે ઓલપાડ-વડોલી રોડ પર કદરામા ગામ નજીક એક અજાણ્યા બાઈક ચાલકે બેફામ ગતિએ વાહન હંકારતા બીજી બાઈક સાથે અથડામણ કરી હતી. આ અકસ્માતમાં એક વ્યક્તિને માથા અને આંખના ભાગે ઈજા પહોંચી હતી. બનાવ બાદ આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ અંગે કીમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ભરૂચમાં નિકાહની લાલચ આપી દુષ્કર્મ કરનાર ઝડપાયો

ભરૂચઃ ભરૂચ પંથકમાં રહેતી ત્રણ સંતાન ધરાવતી 49 વર્ષની વિધવા મહિલા સાથે જંબુસરના આરીફ ઈબ્રાહીમ શેખે એક વર્ષ પહેલાં પ્રેમસંબંધ બાંધ્યો હતો. આરોપીએ મહિલાને નિકાહ કરવાની લાલચ આપી વિશ્વાસમાં લીધા બાદ એક વર્ષના ગાળામાં તેણી સાથે અવારનવાર ભરૂચ વિસ્તારમાં આવીને દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ આરીફ શેખે મહિલા સાથે નિકાહ કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો.

આ બનાવમાં છેતરપિંડીનો ભોગ બનેલી મહિલાએ આ અંગે ભરૂચ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી.


